શ્રી વેણીચંદ ફત્તેચંદ સાઠંબા સમુદાય ચેરીટેબલ સોસાયટી

આ સોસાયટીના ઉદ્દેશો નીચે પ્રમાણે રહેશે :

૧. સાઠંબા સમુદાયની વિધવાઓને તથા જરૂરિયાતવાળા દર્દીઓને દવા, ઇન્જેક્શન, સારવારના સાધનોની સગવડ હોસ્પિટલ ખર્ચ તથા અન્ય વૈદકીય સારવાર માટે હર કોઈ પ્રકારે રોકડા અથવા વસ્તુ રૂપે મદદ કરવી

૨. શારીરિક કે માનસિક સારવાર જેવા કામમાં તેમજ શસ્ત્રક્રિયા માટે આર્થિક રીતે સહાયભૂત થવું

૩. જરૂરિયાતવાળાઓને અનાજ, કપડાં, જીવન જરૂરિયાતની વસ્તુઓ માટે મદદ કરવી અથવા રોકડા યા વસ્તુ રૂપે સહાય આપવી

૪. અશક્તો નિરાધારો તથા શારીરિક કે માનસિક ક્ષતિવાળાઓને મદદ કરવી

૫. આગ, રેલ, વાવાઝોડું, દુષ્કાળ, ધરતીકંપ રોગચાડો, હુલ્લડ વગેરે કુદરતી તેમજ માનવસર્જિત આફતો અથવા અકસ્માતોમાં સંકટ ગ્રસ્તોને મદદ કરવી

૬. સાઠંબા સમુદાયના કુટુંબો એકબીજાના સંપર્કમાં આવે સમાજ ભાવના વધે તે માટે જ્ઞાતિ સંમેલનો, સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન, પરિચય સંમેલન જેવા તથા આ અંગેના યોગ્ય લાગે તેવા કાર્યક્રમોનું આયોજન કરી શકાશે.